# ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર સંચાલિત
# હોસ્ટેલમાં પ્રવેશ અને રોકાણ અંગેના નિયમો

ચારૂતર વિદ્યામંડળ સંચાલિત ભાઇ અને બહેનોની હોસ્ટેલમાં પ્રવેશ મેળવીને વિદ્યામંડળની શિક્ષણ સંસ્થાઓમાં અભ્યાસ કરવા માંગતા ભાઇ-બહેનોએ નીચે દર્શાવેલ નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. નિયમ ભંગના કિસ્સામાં દોષિત ભાઇ-બહેનો સામે નિયમાનુસાર દંડાત્મક પગલાં લેવામાં આવશે.

૧. ૨૫ કિ.મી. કે તેથી વધુ અંતરેથી આવતા વિદ્યાર્થી માટે સંસ્થાની હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

૨. એક વખત હોસ્ટેલની ફી ભરીને પ્રવેશ મેળવ્યા બાદ જો કોઇ પણ કારણોસર પ્રવેશ રદ કરાવનાર છાત્ર-છાત્રાને ફીની રકમમાંથી કોઇપણ પ્રકારનું રીફંડ મળશે નહિ. અથવા તે ફી બીજા છાત્ર-છાત્રાના નામે તબદલી થઇ શકશે નહીં. માત્ર ડીપોઝીટની રકમ વર્ષ પુરું થયા બાદ નિયમાનુસાર અસલ રસીદ રજુ કર્યે મળી શકશે.

૩. રેગિંગની સખત મનાઇ છે. રેગિંગ કરનાર વિદ્યાર્થી સામે કાયદાકીય પગલાં લેવામાં આવશે.

૪. હોસ્ટેલનો મુખ્ય દરવાજો સવારે ૭ વાગે ખુલશે. અને સાંજે ૭ વાગે બંધ થશે. સાંજે દરવાજો બંધ થયા પછી આવનારે દંડ રૂા.૫૧/- ચૂકવવો પડશે. રવિવાર કે જાહેર રજાના દિવસે ગેટ બંધ થયા પછી આવનારે રૂા. ૧૫૧/- દંડ ભરવો પડશે. મુખ્ય દરવાજો બંધ થયા બાદ હોસ્ટેલમાંથી બહાર કોઇપણ વસ્તુની આપલે માટે સખત મનાઇ છે. એમ કરનારે રૂા. ૫૦૦/- દંડ ભરવો પડશે.

૫. વિશેષ કારણોસર સાંજે ૭ વાગ્યાથી વધુ મોડું થાય તેમ હોય તો ૨૪ કલાક પહેલાં સંસ્થાના વડાની ભલામણવાળા અધિકૃતપત્ર મારફતે રેક્ટરની લેખિત પૂર્વમંજૂરી લેવી જરૂરી છે. અન્યથા મોડા આવવું કોઇપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં.

૬. હોસ્ટેલનો મુખ્ય દરવાજો ખૂલતાં પહેલાં અને બંધ થયા પછી બહાર રહેવાની પરવાનગી લેવી હોય તો મુખ્ય ઓફીસમાંથી ગેટ પાસ લેવાનો રહેશે. ટ્યુશન માટે લેટ લીવ લેવાની હોય તો હોસ્ટેલ ઓફીસમાં જાણ કરીને ગેટ પાસ મેળવવાનો રહશે. છાત્રાએ કોઇપણ કારણોસર વિદ્યાનગરની બહાર જવા માટે સંબંધિત સુપ્રિટેન્ડન્ટ કે રેક્ટરને જાણ કરીને ગેટ પાસ મેળવવાનો રહેશે.

૭. મુલાકાતી બહેન હોસ્ટેલ કાર્યાલયની પૂર્વ પરવાનગી સાથે નિયત ચાર્જ ભરીને હોસ્ટેલમાં રાતવાસો કરી શકશે તે માટે નિયત ચાર્જ ભરીને અતિથિ ચાર્જની રસીદ મેળવવાની રહેશે. દિવસ દરમ્યાન ગેટ પાસ ઓફીસમાંથી લઇને જવાનું રહેશે.

૮. હોસ્ટેલમાં રહેનાર છાત્ર-છાત્રાની રૂમમાં હોસ્ટેલના રજીસ્ટરમાં નાધાયેલી ન હોય તેવી કોઇપણ વ્યક્તિ રહી શકશે નહીં. સૂચનાનો ભંગ કરનાર છાત્ર-છાત્રા પાસે આખી ટર્મનો ચાર્જ દંડ તરીકે લેવામાં આવશે. તથા તેનો પ્રવેશ રદ કરવામાં આવી શકે છે. તદઉપરાંત છાત્ર-છાત્રાને કોઇપણ રકમ પરત કરવામાં આવશે નહીં.

૯. હોસ્ટેલની બહાર જે રસ્તાઓ છે ત્યાં છાત્રાઓએ કોઇપણ પુરુષ સાથે ઉભા રહેવાની સખત મનાઇ છે.

૧૦. લેડીઝ હોસ્ટેલ માટે અઠવાડીયાના તમામ દિવસોએ મુલાકાતનો સમય સવારના ૭ વાગ્યાથી સાંજના ૬-૩૦ વાગ્યા સુધીનો રહેશે. કોઇપણ પુરુષ મુલાકાતી છાત્રાની રૂમમાં પ્રવેશી શકશે નહીં. પુરુષ મુલાકાતીએ હોસ્ટેલ ઓફીસમાં વિઝિટર રૂમમાં બેસવાનું રહેશે અને તે હોસ્ટેલ પરિસરમાં એક કલાકથી વધુ રોકાઇ શકશે નહીં. છાત્રાની માતા મુલાકાત દરમ્યાન મર્યાદિત સમય માટે છાત્રાની રૂમમાં જઇ શકશે. તે માટે ઓફીસમાંથી ગેટ પાસ લેવો જરૂરી છે. સાંજના ૬-૩૦ વાગ્યા પછી કોઇપણ પુરુષ કે સ્ત્રી મુલાકાતી હોસ્ટેલ પરિસરમાં રહી શકશે નહીં.

૧૧. રજા કે હોસ્ટેલની લગતી તમામ કાર્યવાહી માટે હોસ્ટેલ ઓફિસનો જ સંપર્ક કરવો. તે માટે રેક્ટરના ઘરે જવું નહીં. હોસ્ટેલ ઓફીસની પરવાનગી વગર કોઇપણ મુલાકાતી બહેન લેડીઝ હોસ્ટેલમાંથી પકડાશે તો દંડ રૂા.૫૦૧/- વસૂલવામાં આવશે. જે છાત્રાની રૂમમાંથી મુલાકાતી પકડાશે તે છાત્રાએ દંડ ભરવો પડશે.

૧૨. હોસ્ટેલ ઓફીસની પરવાનગી વગર હોસ્ટેલ બહાર રહેલ છાત્ર-છાત્રા પાસેથી રૂા. ૫૦૦/- પ્રતિ દિવસ લેખે દંડ વસુલ્યા બાદ જ હોસ્ટેલમાં પુનઃપ્રવેશ મળશે.

૧૩. હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ, રેક્ટર અથવા ચા.વિ.મં.ના અધિકારી કોઇપણ સમયે હોસ્ટેલની રૂમોનું ચેકિંગ કરી શકશે. તેમજ કોઇપણ વિદ્યાર્થી પાસેથી ગમે ત્યારે ઓળખપત્ર જોવા માંગી શકશે. હોસ્ટેલ ચાર્જ ભર્યાની રસીદ પણ કાળજીપૂર્વક સાચવવી.

૧૪. હોસ્ટેલમાં રહેનાર કોઇપણ છાત્ર-છાત્રા અન્યને ખલેલ પહોંચે તેથી વસ્તુઓ જેમ કે ટેપરેકોર્ડર, રેડિયો કે સ્પીકર વગેરે પોતાની પાસે રાખી કે વાપરી શકશે નહીં. કાયદાકીય રીતે પ્રતિબંધિત કેફી પીણાં, માદક દ્રવ્યો, ગુટખા, તમાકુ, બીડી-સિગારેટ વગેરેનો ઉપયોગ કરવાની સખત મનાઇ છે. આમ કરતાં પકડનાર છાત્ર-છાત્રા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૧૫. હોસ્ટેલની ઇમારત કે માલ-મિલકતને કોઇપણ રીતે નુકશાન પહોંચાડનાર તેમજ પાણી કે વીજળીનો બગાડ કરનાર છાત્ર-છાત્રા સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીને દંડ વસૂલવામાં આવશે.

૧૬. હોસ્ટેલમાં રહેનાર છાત્ર-છાત્રા માટે જરૂર કરતાં વધારે રોકડ રકમ કે કિંમતી ચીજવસ્તુઓ રાખવાની મનાઇ છે. જોઇ રૂમમાંથી રોકડ રકમ, મોબાઇલ, ચીજવસ્તુઓ કે કપડાં ખોવાય તો તેની જવાબદારી છાત્ર-છાત્રાની પોતાની રહેશે.

૧૭. હોસ્ટેલમાં કોઇપણ અનધિકૃત વ્યક્તિને રોકડ રકમ સ્વરૂપે ફાળો આપવો નહીં. જબરદસ્તી ફાળો ઉઘરાવનાર વ્યક્તિ વિશે સત્વરે રેક્ટર કે સુપ્રિટેન્ડન્ટને જાણ કરવી.

૧૮. પ્રવેશ મેળવતી વખતે કોઇપણ છાત્ર-છાત્રાને કોઇપણ જાતની શારીરિક કે માનસિક તકલીફ હોય તો હોસ્ટેલમાં રહેતા સુપ્રિટેન્ડન્ટને અવશ્ય જાણ કરવી. અને તે અંગેના મેડીકલ રિપોર્ટ્સની નકલની એક ફાઇલ હોસ્ટેલ ઓફિસમાં જમા કરાવવી.

૧૯. છાત્ર-છાત્રા બિમાર થાય કે તરત જ તેમના રૂમ સાથીદારે પોતાની ફરજના ભાગરૂપે હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટને અવશ્ય જાણ કરવી. છાત્ર-છાત્રા રૂમમાં લાંબા સમયથી ગેરહાજર હોય તો તેની જાણ કરવાની જવાબદારી પણ તે રૂમના છાત્રની જ છે.

૨૦. બિમાર છાત્ર-છાત્રાને એકલા ઘરે જવા દેવામાં આવશે નહીં. માતાપિતા લેવા આવે તો જ મોકલાશે. સામાન્ય બિમારીના કિસ્સામાં છાત્ર-છાત્રા પોતે સીવીએમ યુનિવર્સિટી હેલ્થ સેન્ટરનો સંપર્ક સાધે તે ઇચ્છનીય છે. અને ગંભીરરૂપથી બિમાર છાત્ર-છાત્રાને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વાર શ્રીકૃષ્ણ હોસ્પિટલ, કરમસદ ખાતે સારવાર માટે દાખલ કરવામાં આવશે. જો કે સારવારનો ખર્ચ બિમાર છાત્ર-છાત્રાના માતાપિતાએ ભોગવવાનો રહેશે. સુપ્રિટેન્ડન્ટ દ્વારા બિમારીની જાણ કરવામાં આવ ત્યારે વાલીએ સત્વરે હોસ્ટેલ રૂબરૂ આવવું ફરજીયાત છે.

૨૧. સંજોગોવશાત માતાપિતા હાજર ન રહી શકે તે સંજોગોમાં વાલી તરીકે બીજી વ્યક્તિ ફક્ત બિમારી દરમ્યાન છાત્રાનું ધ્યાન રાખી શકશે રજા માટે નહીં.

૨૨. રૂમની અંદર ઇલેક્ટ્રીક કે અન્ય કોઇપણ પ્રકારની મરામત કરાવવા માટે સંબંધિત હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટને રૂબરૂમાં અરજી કરવી રૂમમાં સફાઇકામ માટે આવતા સ્વીપર મારફતે અરજી આપવી.

૨૩. છાત્રાઓ માટે કોઇપણ સંજોગોમાં ફોન દ્વારા રજા મંજુર કરવામાં આવશે નહીં મધ્યસત્ર વિરામ, દિવાળીની રજાઓ, ઉનાળુ વેકેશનની રજાઓ અને સંસ્થાએ જાહેર કરેલી ખાસ રજાઓમાં છાત્રાઓ ઘરે જઇ શકશે. અને કોઇપણ પ્રકારની રજામાં ઘરે જવા માટે વાલીનો પત્ર ન આવે તો વાલીએ રૂબરૂ હોસ્ટેલ પર આવીને છાત્રાને લઇ જવાની રહેશે.

૨૪. છાત્રાને રજામાં ઘરે આવવાની મંજુરી મળે તે માટે વાલીનો પત્ર ઓછામાં ઓછા ૨૪ કલાક પહેલાં હોસ્ટેલ પર મળી જવો જરૂરી છે. કવર પર રેક્ટરના નામને સંબોધીને પત્ર મોકલવો જરૂરી છે. પત્રમાં **ઘરે આવવા દેશો** તેવો ઉલ્લેખ હશે તો જ ઘરે જવા દેવામાં આવશે. જો તેમ ન થઇ શકે તો વાલીએ રૂબરૂ હોસ્ટેલ પર આવીને છાત્રાને લઇ જવાની રહેશે. કોઇપણ બિનઅધિકૃત વ્યક્તિ કે સ્થાનિક વાલીને છાત્રાને હોસ્ટેલમાંથી લઇ જવાની મંજુરી મળશે. સ્થાનિક વાલીએ આધાર કાર્ડની કોપી ઓળખના પુરાવા તરીકે રજુ કરવાની રહેશે.

૨૫. છાત્રા રજા લઇને હોસ્ટેલની બહાર જાય ત્યાર પછીની સંપૂર્ણ જવાબદારી વાલીની રહેશે. ઘરે જવાની રજા મેળવીને છાત્રા બીજે ક્યાંય જાય તો તેવા કિસ્સામાં હોસ્ટેલમાં પુનઃપ્રવેશ માટે દંડ રૂા.૫૦૦/- ભરવો પડશે.

૨૬. અરજીપત્રકમાં દર્શાવેલ સમયે જ છાત્રાએ હોસ્ટેલમાં પરત ફરવાનું રહેશે. સંજોગોવશાત નિયત તારીખ પહેલાં કે પછી આવવાનું થાય તો વાલીએ રજામાં થતાં ફેરફાર માટે ઉચિત કારણ આપીને તારીખ લખવાની રહેશે. વાલીએ રજા અરજીના કાઉન્ટર ફોઇલ પર સહી કરવી ફરજિયાત છે. અન્યથા રૂા. ૫૦/- ભરીને હોસ્ટેલમાં પ્રવેશ અપાશે. દંડ ભૂલનું પુનરાવર્તન ન થાય તે માટે છે.

૨૭. હોસ્ટેલમાંથી રજા લઇને ગયા બાદ કોઇ કારણોસર છાત્રા ઘરે ન જઇ શકી હોય તો તેવા સંજોગોમાં છાત્રાએ અચૂક હોસ્ટેલમાં પરત આવી સંબંધિત હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટને જાણ કરવાની રહેશે.

૨૮. છાત્રા ઘરેથી પાછી આવે ત્યારે ગમે તે સમયે તેને પ્રવેશ આપવામાં આવશે. પરંતુ ઘરેથી આવ્યા પછી બહાર ફરીને હોસ્ટેલનો ગેટ બંધ થયા પછી હોસ્ટેલ પર હાજર થાય તો રૂા. ૧૫૧/- દંડ ભર્યા પછી જ પ્રવેશ આપવામાં આવશે.

૨૯. વાલીએ રજા અરજીના કાઉન્ટર ફોઇલમાં જે સહી રેફરન્સ કાર્ડમાં કરી હોય તે જ સહી લીવ ફોર્મમા કરવાની રહેશે. એ એક જ બાબત ખાતરી આપી શકે કે છાત્રા ઘરે ગઇ હતી.

૩૦. જે છાત્ર-છાત્રાને પ્રવેશ મેળવવાનો છે. તે છાત્ર-છાત્રા અને વાલીઓને સૂચના આપવામાં આવે છે કે રૂમનો કબ્જો મેળવતા પહેલાં રૂમ, તિજોરીની ચાવી અને તિજોરીથી ચકાસણી કર્યા પછી જ પ્રવેશ મેળવવો.

૩૧. હોસ્ટેલમાં ચાલુ સત્ર દરમ્યાન કોઇપણ પ્રકારના પ્રવાસે જતાં અગાઉ સંસ્થાના આચાર્ય કે અધિકૃત વ્યક્તિ પાસેથી લેખિત સંમતિ સાથે હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ અથવા રેક્ટરને લેખિતમાં જાણ કરને તેમની સંમતિ મેળવવી પણ આવશ્યક છે.

૩૨. હોસ્ટેલના વ્યવસ્થાપકો દ્વારા વખતોવખત આપવામાં આવતી સૂચનાઓનું પાલન કરવું તથા હોસ્ટેલમાં યોજાતી વિદ્યાર્થીને ઉપયોગી પ્રવૃત્તિઓમાં રસપૂર્વક ભાગ લેવાનું આવશ્યક છે. સુપ્રિટેન્ડન્ટને જાણ કરવી. કે રેક્ટરની મંજુરી વિના હોસ્ટેલમાં કોઇપણ પ્રકારની ઉજવણી કરનાર છાત્ર-છાત્રા સામે શિસ્તભંગ બદલ કાર્યવાહી કરવામાં આવશે.

૩૩. પ્રત્યેક વર્ષના અંતે વિદ્યાર્થીએ પોતાની રૂમનો હવાલો હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટને અવશ્ય સોંપવાનો રહેશે. એ અંગેની બેદરકારી દાખવનાર વિદ્યાર્થી પુનઃ હોસ્ટેલ પ્રવેશને પાત્ર રહેશે નહીં.

૩૪. હોસ્ટેલમાં પુનઃપ્રવેશ સમયે આગલા વર્ષમાં હોસ્ટેલમાં વિદ્યાર્થીની નિયમિત હાજરી, શિસ્તપૂર્વકનું વર્તન તેમજ સહકારપૂર્ણ વર્તણૂંકને ધ્યાનમાં લેવામાં આવશે.

૩૫. લેડીઝ હોસ્ટેલમાં નિયમ મુજબ સાંજના સમયે છાત્રાઓએ પ્રાર્થનામાં હાજર રહેવું ફરજીયાત છે. છાત્રાઓએ ભોજનાલય તથા ઓફિસમાં વ્યવસ્થિત કપડાં પહેરીને જ આવવા જવાનું રહેશે.

૩૬. લેડીઝ હોસ્ટેલ સહિત જે હોસ્ટેલમાં જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ કરાયેલ છે ત્યાં હોસ્ટેલના ભોજનાલયમાં જ જમવું ફરજિયાત છે. બહારથી ભોજનની કે ટિફિન વ્યવસ્થા માટે મંજુરી આપવામાં આવશે નહીં. ભોજન ડિપોઝિટ માટે નક્કી કરેલી રકમ સંસ્થામાં પ્રવેશ સમયે ચૂકવવાની રહેશે.

૩૭. ભોજન થાળીમાં બગાડરૂપે રાખનાર પાસે રૂા. ૧૦૦/- દંડ લેવામાં આવશે. છાત્ર-છાત્રા બિમાર હશે તો જ રેક્ટરની પરવાનગીથી ભોજનની થાળી રૂમમાં લઇ જઇ શકાશે. તે સિવાય ભોજનાલયમાંથી જમવાનું બહાર લઇ જઇ શકાશે નહીં.

૩૮. જે હોસ્ટેલમાં કુલ સંખ્યા ૩૦ જેટલી હશે તેવા સંજોગોમાં ભોજનાલય બંધ રાખવામાં આવશે. હોસ્ટેલમાં પીવાના પાણીની જગ્યાએ વાસણ ધોવાની અને બ્રશ કરવાની તેમજ બારી બહાર કે લોબીમાં કચરો નાંખવાની સખત મનાઇ છે. નિયમભંગ બદલ દંડ કરવામા આવશે. હોસ્ટેલની રૂમમાં લાઇટ, પંખા ચાલુ સ્થિતિમાં મૂકીને બહાર ગયેલા જણાશે તો રૂમના વિદ્યાર્થી પાસેથી રૂા. ૧૦૦/- દંડ લેવામાં આવશે.

૩૯. હોસ્ટેલ કેમ્પસમાં ગીઝર, હીટર, કુલર, ઈસ્ત્રી વગેરે જેવા ઈલેક્ટ્રિક ઉપકરણોનો ઉપયોગ કરવાની સખત મનાઈ છે. નિયમભંગ બદલ ભારે વીજ વપરાશ માટે દંડ વસૂલ કરવામાં આવશે. તેમજ જપ્ત કરાયેલા ઉપકરણો કોઈપણ સંજોગોમાં પરત કરવામાં આવશે નહીં.

૪૦. ખામીયુક્ત મોબાઈલ ચાર્જરના લીધે જો ફ્યુઝ બગડી જશે તો રૂા. ૧૦૦/- દંડ લેવામાં આવશે. જેની રસીદ આપવામાં આવશે.

૪૧. હોસ્ટેલમાં રહેનાર છાત્ર-છાત્રા પાસે પોતાનું લેપટોપ, કોમ્પ્યુટર, સ્પીકર, સંગીત, વાદ્ય, સાઈકલ કે અન્ય વાહન હોય તો હોસ્ટેલમાં રાખવા માટે સુપ્રિટેન્ડન્ટ અથવા રેક્ટરને જાણ કરીને પરવાનગી લેવાની રહેશે. પરવાનગી વિના ઉપરોક્ત ચીજવસ્તુઓ વાપરતા કોઈ પકડાશે તો શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. ઉપરોક્ત તમામ ચીજવસ્તુઓની સલામતીની સંપૂર્ણ જવાબદારી છાત્ર-છાત્રાની રહેશે.

૪૨. વાંચવાની રજાઓ વિદ્યાર્થી અહીં રહીને વાંચી શકે તથા અભ્યાસ અંગે કોઈ મૂંઝવણ હોય તો વિષય શિક્ષકનો સંપર્ક કરી શકે તે માટે હોય છે. તે આનંદપ્રમોદ માટેનું વેકેશન નથી.

૪૩. હોસ્ટેલમાં રહેનાર છાત્ર-છાત્રાએ સુપ્રિટેન્ડન્ટ કે રેક્ટરની સૂચનાઓનો અમલ કરવાનો રહેશે. તથા સૂચનાઓમાં વખતો વખત થનારા ફેરફારનો ધ્યાને રાખીને તેમનો અમલ કરવો પડશે. હોસ્ટેલના રેક્ટરની સૂચનાઓનો અમલ ન કરનાર કે નિયમોનો ભંગ કરનારના વાલીને તે અંગેની જાણ કરવામાં આવશે. અને જરૂર પડયે શિક્ષાત્મક પગલાં, આર્થિક દંડ, કાયદાકીય કાર્યવાહી કે વિદ્યાર્થીને હોસ્ટેલ/કોલેજમાંથી બરતરફી સુધીના પગલાં લેવામાં આવશે.

૪૪. કોઈપણ કાયદાકીય બાબત આણંદ ન્યાયક્ષેત્ર પૂરતી સીમિત રહેશે.

૪૫. ઉપરોક્ત બાબતોમાં વાલીઓનો સહકાર પણ અપેક્ષિત છે. અવારનવાર અનુકૂળતા કરીને પોતાના પાલ્ય/પુત્ર/પુત્રીની રૂબરૂ મુલાકાત લેતા રહેશો. આપના તરફથી પણ જરૂરી સૂચનો હંમેશાં આવકાર્ય છે.

## સંમતિ પત્રક

હોસ્ટેલમાં પ્રવેશ અંગેના નિયમો મેં વાંચ્યાં છે. હું એને સમજ્યો/સમજી છું. એક વખત હોસ્ટેલ પ્રવેશ મેળવ્યા પછી જો હું હોસ્ટેલ પ્રવેશ રદ કરાવું તો હોસ્ટેલ ચાર્જ પેટે મેં ભરેલી કોઈપણ પ્રકારની રકમ પરત મને મળવાપાત્ર નથી, તે અંગેની મને પૂરી જાણ છે. અને એ જાણકારી સાથે જ હું/મારાં મા-બાપ, વાલી સર્વે ચારુતર વિદ્યામંડળની આ હોસ્ટેલમાં મારો પ્રવેશ ઈચ્છીએ છીએ. નક્કી કરેલ ચાર્જ અમને કબૂલ મંજૂર છે. વળી હાલના તેમજ વખતોવખત અમલમાં આવતા છાત્રાલયના નિયમો અમને આવકાર્ય છે. હું/અમે એ પણ સ્પષ્ટ સમજીએ છીએ કે હોસ્ટેલમાં ગેરશિસ્ત કરું, રેક્ટરની કે સુપ્રિટેન્ડન્ટની પરવાનગી કે જાણ વગર બહાર જવાના કારણે જે કોઈ પરિસ્થિતિ સર્જાય એ બધાની જવાબદારી મારા શિરે છે. આ બધું સમજી-વિચારીને હું પ્રવેશ લઉં છું.

**તારીખ :** **છાત્રની પૂરી સહી :**

**છાત્રનું નામ :**

**ઘરનું કાયમી સરનામું તથા**
**ફોન નંબર/મોબાઈલ નંબર :**

**વર્ગ :**

**શૈક્ષણિક સંસ્થા :**

**વિદ્યાકીય વર્ષ :** **વાલીની સહી/પતિની સહી**
**(ઓળખપત્ર રજુ કરવું)**

**તારીખ :**